શંખનો એક ઢગલો કરી તેના ઉપર ફૂલ ચડાવી ખેડૂતે પૂજન અર્ચન કર્યું

ઝઘડિયાના માંડવી ગામે ખેતરમાંથી 50થી વધુ શંખ મળતા કુતૂહલ સર્જાયું

પહેલી નજરે જોતા આ શંખ અતિ પ્રાચીન હોય તેવુ જણાઇ આવ્યુ હતુ

(પ્રતિનિધિ) ભરૂચ,ઝઘડિયા, તા.10 કોલયાપાડા ગામના ખેડૂત નારાયણભાઈ રમેશભાઈ વસાવાના ખેતરમાં દબાયેલા શંખ મોટી સંખ્યામાં મળી આવ્યા હતા, ખેડૂત જ્યારે પોતાનું ખેતર ટ્રેક્ટર દ્વારા ખેડી રહ્યો હતો અને ખેતી માટે ખેતર તૈયાર કરી રહ્યો હતો. તે સમયે ખેડાણ કરતી વખતે ખેતરમાં શંખ નજરે પડતા ખેડૂત ભારે અચરજમાં મુકાઈ ગયો હતો.ત્યારબાદ તે જગ્યા પર વધુ ખોદકામ કરતાં મોટી સંખ્યામાં શંખ જમીનમાં દટાયેલા મળી આવ્યા હતા. જે બાદ ખેડૂત દ્વારા શંખનો એક ઢગલો કરી તેના ઉપર ફૂલ ચડાવી ખેડૂતે પૂજન અર્ચન કર્યું હતું. એમ ખેડૂત નારાણભાઈ વસાવાએ જણાવ્યું હતું. આ વાત વાયુ વેગે પ્રસરતા ઘણા લોકો આ સ્થળ પર દોડી આવ્યા હતા અને મોટી સંખ્યા જમીનમાં દટાયેલા શંખ જોઈ લોકોમાં કુતૂહલ સર્જાયું હતું, જોવામાં આ સંખ ઘણા વર્ષો જુના હોવાનું લાગી રહ્યું હતું પરંતુ આ શંખ અહીંયા ક્યાંથી આવ્યા અને આટલી મોટી સંખ્યામાં શંખને કયા ઉપયોગમાં લેવામાં આવ્યા હતા તે તપાસનો વિષય બન્યો છે. હાલ તો ઝઘડિયા તાલુકાના માંડવી ગામના ખેતરમાંથી મળી આવેલા શંખ આસ્થાનું કેન્દ્ર બની ગયું હતું.

નસવાડીના પાલસર ચોકડી પાસે પીકઅપ વાનની ટક્કરે બાઈક ચાલકનુ મોત

(પ્રતિનિધિ) નસવાડી, તા,10 નસવાડી તાલુકાના કાડકોચ ગામેથી મોટર સાયકલ લઈને નસવાડી કામ અર્થે આવતા દીપકભાઈ મનસુખભાઈ રાઠવા ઉંમર વર્ષ 27 ના આવો પાલસર ચોકડી પાસે વળાંક ઉપર મહિન્દ્રા પિકઅપ નંબર જી જે ૩૪ ૨૪૭૭ ના ચાલકે મોટરસાયકલને ટક્કર મારી હતી અને મોટરસાયકલને જોરદાર ટક્કર વાગતા બાઈક ચાલક નું ઘટના સ્થળે મોત થયું હતું જ્યારે મહેન્દ્રા પીકઅપ બોલેરો ગાડી નો ચાલક ફરાર થઈ ગયો હતો પોલીસે અકસ્માત નો ગૂન્હો નોંધી તપાસ હાથ ધરી છે જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામનાર બાઈક ચાલકની લાશ પીએમ માટે નસવાડી ખાતે સામૂહીક આરોગ્ય કેન્દ્રમાંલાવવામાં આવી છે પીએમ બાદ મૃતક ની લાશ સગા વાલાઓને સોંપવામાં આવશે આપવામાં આવશે.

પંચાયતના લોકોએ કોઈપણ પ્રકારના કામની શરૂઆત કરી નથી

વડોદરાના બાજવામાં ખુલ્લી ડ્રેનેજથી રહીશોમાં રોષ વ્યાપ્યો

અસહ દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 વડોદરા શહેર બાજવા ગામમાં સૌરાષ્ટ્ર સોસાયટી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સ્ટેચ્યુના આજુબાજુના વિસ્તાર એટલે કે આંગણવાડીનો વિસ્તાર જયાં ડ્રેનેજ લાઈન ખુલ્લી જોવા મળી રહી છે. રહીશો વારંવાર તંત્રને રજૂઆત કરી છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેઓને ડર સતાવે છે આંગણવાડીમાં ભણવા જતા કે સોસાયટીના છોકરાઓ રમતા રમતા આ ડ્રેનેજમાં પડી જાય અને કોઈ જાનહાની થાય તેનો ભય એમને સતાવી જાય છે. સ્થાનિકોનું કેવું છે ઘણા વખતથી ખુલ્લી છે આમાં કોઈ બાળક ખાતી જાય પડી જાય તો એનો જવાબદાર હોય ખુલ્લી ડ્રેનેજ લાઈન ના લીધે સ્થાનિકો ત્રાસી ગયા છે રજૂઆત કરી કરીને કે છતાં નિરાકરણ નથી આવતું . હવે પોતાની વેદના કહે તો કોને કહે બાજવા ના સૌરાષ્ટ્ર સોસાયટીના રહીશો રોષ ઠાલવી રહ્યા છે અને ખોલીનું નિરાકરણ જલ્દીમાં જલ્દી લાવે એવી માંગ કરી છે. સ્થાનિકોનો કહેવું છે બાજવા સૌરાષ્ટ્ર સોસાયટીના અમે રહેવાસી છે અમે લોકોએ બાજવા ગ્રામ પંચાયતમાં રજૂઆત છેલ્લા દોઢ વર્ષથી આ ટ્રેન જ ખુલ્લી લાઈન ની રજૂઆત કરી રહ્યા છે બાજુમાં જ બાલમંદિર આવેલી છે તંત્ર એ કોઈ ધ્યાન આપ્યું નથી અને કચરા વાળવા વાળો આવે છે તે આ કચરો પણ આ ડ્રેનેજમાં જ નાખે છે જેના કારણે દુર્ગંધ પણ ખૂબ આવે છે મચ્છરોનો ઉપદ્રવ છે ડ્રેનેજ લાઈન રીપેર કરી રસ્તો ખુલ્લો મુકાય તેવી લોકોની માંગ છે.

યુવતીનો જવાબ લઈને પોલીસે કાર્યવાહી હાથ ધરી

યુવતીને અડફેટે લઈને ભરૂચ મકતમપુર માર્ગ પર કાર ડીવાઈડર ચઢાવી દીધી

યુવતીને ઇજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.10 ભરૂચની ગંગોત્રી હોટલ નજીક રોડ ક્રોસ કરતા એક કાર ચાલકે એક યુવતીને અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવતીને ઈજાઓ પહોચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યારે અકસ્માત સર્જીને કાર ચાલક કાર મૂકીને ભાગી ગયો હતો.આ મામલે સી ડીવીઝન પોલીસ તપાસ કરી રહી છે. રવિવારે એક ઈન્ડીકા કાર નંબર GJ-16-CH-8399 નો ચાલક મકતમપુર તરફ જઈ રહ્યો હતો.કાર ચાલકે કારને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ગંગોત્રી હોટલ નજીક માર્ગ ક્રોસ કરતી એક યુવતીને અડફેટેમાં લેતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં યુવતીને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેને તાત્કાલીક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કાર ચાલક એટલી ઝડપે કાર હંકારતો હતો.કે,ત્યાં રહેલા ડિવાઈડરના એંગલમાં અથડાવી ડિવાઈડર પર ચઢાવી કાર મૂકીને ભાગી ગયો હતો.

આ ઘટનાને લઈને ઈજાગ્રસ્ત યુવતીનો સિવિલ હોસ્પિટલમાં જવાબ લઈને સી ડીવીઝન પોલીસ મથકે વધુ તપાસ હાથ ધરી હતી.

તસ્કરો કારને બિનવારસી હાલતમાં છોડીને રવાના

સાઢાસાલની ચોરીમાં વપરાયેલી બોલેરો કાર ઉદલપુરથી મળી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 સાઢાસાલની ચોરીમાં વપરાયેલી સિલ્વર કલરની બોલેરો ઉદલપુર પાસેથી બિન વારશી હાલતમાં મળી આવી તેમજ ચાંદી ની રકમો મૂકવાના ડબ્બા પણ મળી આવ્યા છે.

ક્રિષ્ના જ્વેલર્સમાં થયેલી ચોરીમાં વપરાયેલી સિલ્વર કલરની બોલેરો તસકરો ઉદલપુર ચોકડી પાસે બિન વારસી હાલતમાં મૂકીને ભાગી છૂટ્યા હતા બોલેરો જીપ નો નંબર જીજે ૦૭ બીએન ૧૭૨૦, આ જીપ ગોધરા ની નિત્યાનંદ સોસાયટી ભુરાવાવ ચોકડી પાસે રહેતા રાજપુત વિક્રમભાઈ મોટાજી ની માલિકીની હતી તારીખ 7 નવેમ્બર રાત્રી દરમિયાન તેઓના ઘર પાસે થી અજાણ્યા ચોરો જીપને ચોરી કરી લઈ ગયા હતા.આ બાબતે બોલેરો જીપ માલિકે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જ્યારે આજે ઉદલપુર પાસે બિન વારસી હાલતમાં બોલેરો જોવા મળતા ગોધરા પોલીસે જીપનો કબજો મેળવી લઈ ગયા હતા તેમજ પાંડુ પીપરછટ વાળા માર્ગેથી સાઢાસાલની ક્રિષ્ના જ્વેલર્સ ના ચાંદીની રકમો મૂકવાના ખાલી ડબ્બા મળી આવ્યા હતા.

ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી અનેક છાત્રો સ્પર્ધામાં જોડાયા હતા

રાજ્યકક્ષાની ચેસ ટુર્નામેન્ટમાં ભરૂચ એગ્રી. યુનિ.નાં આસી.પ્રોફેસરની દીકરી વિજેતા બની

કોલકત્તા ખાતે યોજનાર રાષ્ટ્રીય ચેસ સ્પર્ધામાં ભરૂચની નવ્યા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

(પ્રતિનિધિ) ભરૂચ, તા.10 સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્યભરની શાળાઓમાં ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરૂચ જિલ્લાની શાળાઓમાંથી છાત્રોએ ભાગ લીધો હતો.ભરૂચની તુલસીધામ પાસે આવેલી નિધી સ્કૂલમાં અભ્યાસ કરતી અને ભરૂચની નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટીના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો.નિરજકુમારની દીકરી ચિ.નવ્યાએ પણ અંડર-19માં ભાગ લીધો હતો.આ ચેસ ટુર્નામેન્ટમાં અમદાવાદના નિકોલ ખાતે આવેલાં સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત ખાતે રાજ્યભરમાંથી 80 સ્પર્ધકો ભાગ લીધો હતો.

જેમાં ચિ.નવ્યા નિરજકુમાર દીનકર અંડર-19માં વિજેતા બનતા ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આગામી 19મીથી 21મી નવેમ્બરે કોલકત્તા ખાતે રાષ્ટ્રીય કક્ષાની ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યને પ્રતિનિધીત્વ કરશે અને સમગ્ર ભરૂચનુ ગૌરવ વધારશે તેવી આશા સેવાઇ રહી છે.

ભજન કીર્તન સાથે આયોજિત યાત્રામાં મોટી સંખ્યામાં શીખ સમાજના લોકો જોડાયા

ગુરુનાનકદેવજીના 556માં પ્રકાશ પર્વને લઈ કીર્તન યાત્રા નીકળી

કીર્તન યાત્રામાં સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 વડોદરામાં ગુરુ નાનકદેવજીના 556માં પ્રકાશ પર્વને લઇને ખંડેરાવ માર્કેટ ગુરુનાનક વાડી ખાતેથી કીર્તન આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં મોટી સંખ્યામાં શીખ સમુદાયના લોકો જોડાયા હતા. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવનજીનો જન્મ કારતક સુદ પૂનમના દિવસે થયો હતો. ત્યારે શીખ સમુદાય દ્વારા ગુરુ નાનકની જન્મ જયંતિની ઉજવણી કરાય છે. આ તહેવારને ગુરુ પર્વ તરીકે પણ આ તહેવાર ઉજવવામાં આવે છે.ગુરુ નાનકના ૫૫૬માં પ્રકાશ પર્વની ઉજવણીના ભાગરૂપે નગરમાં કીર્તનયાત્રા યોજાઈ હતી. વડોદરાના ખંડેરાવ માર્કેટ ગુરુનાનક વાડી ખાતેથી કીર્તનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રામાં મોટી સંખ્યામાં શીખ સમુદાયના લોકો જોડાયા હતા.શીખ સમુદાય દ્વારા શોભાયાત્રા ખંડેરાવ માર્કેટ ગુરુનાનક વાડીથી છાણી ગુરુનાનક વાડી સુધી યોજાઈ હતી. જ્યાં પૂર્ણ થઈ હતી. રાજમાર્ગો પર ગુરુનાનકદેવજીની શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યુ હતુ. મહત્વની બાબત એ છે કે આ કીર્તન યાત્રામાં સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. દર વર્ષે આયોજિત થતી આ કીર્તન યાત્રામાં શિક્ષણ સમુદાયના લોકો દ્વારા યાત્રાના રૂટ ઉપર સાફ-સફાઈ કરતા હોય છે આ ઉપરાંત પાણી નાખીને રસ્તાને પણ સ્વચ્છ રાખતા હોય છે.

કચરો બાળવાના કારણે ધૂમાડો થતાં અફરાતફરી મચી

સલાટવાડામાં મકાનમાંથી ધુમાડા નીકળતા ફાયર બ્રિગેડ દોડી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 વડોદરા શહેરના સલાટ વાળા વિસ્તારમાં આવેલા ખાનગી હોસ્પિટલની બાજુમાં આવેલા એક મકાનમાંથી ધુમાડા બહાર નીકળી રહ્યા હતા તે બાબતનો કોલ ફાયર બ્રેગેટને મળતા ફાયર બ્રેગેટ ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી પરંતુ મકાન સુધી માર્ગ નહીં મળતા સીડી થી અંદર પહોંચી પાણીનો મારો ચલાવી પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. જોકે ઘરમાં હાજર એક વૃદ્ધાએ પોતાના મજૂરોએ કાગળ સળગાવ્યા હોવાનું જણાવ્યું હતું જેથી ફાયર બ્રિગેડની ટીમને પણ હાશકારો થયો હતો. આ બાબતે ફાયર બ્રિગેડના જવાને વધુમાં જણાવ્યું હતું કંટ્રોલ રૂમમાંથી કોલ મળેલ કે નાયક હોસ્પિટલ બાજુમાંથી એક બંધ મકાનમાંથી ખૂબ જ ધુમાડો નીકળે છે અમે સ્થળ પર પહોંચીને જોયું અંદર જવાનો કોઈ રસ્તો ન જણાતા અમે લોકોએ સીડી લગાવી અને ઉપર ચડી આગ ઓલવવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી જ્યારે અમે મકાનની અંદર બારીમાંથી કૂદીને પ્રવેશ્યા ત્યારે ખૂબ ધુમાડાના કારણે અમારાથી શ્વાસ પણ લેવાતો ન હતો ત્યારે એક વૃદ્ધા મહિલા રૂમમાંથી બહાર આવી જણાવેલું કે અમારા મજૂરોએ કાગળ સળગાવેલા એનો આ ધુમાડો છે કોઈ આગ લાગી નથી તેવી વિસ્તારના લોકોને જાણ થતા વિસ્તારના લોકોને હાથકારો થયો હતો.

મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

■ મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં હિન્દૂ મુસ્લિમ સમુદાયના રક્તદાતાઓએ ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું. પોલીસ વિભાગ દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ હતું . અન્ય રક્તદાતાઓ સાથે સાથે પોલીસ, હોમગાર્ડ તથા જી.આર.ડી ના સભ્યો દ્વારા પણ રક્તદાન કરાયું હતું. કેમ્પમાં કુલ 39 યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં નાયબ પોલિસ અધિક્ષક શ્રી કમલેશ વસાવા , પી આઈ એ.બી. દેવધા , પી એસ આઈ એ.એમ.બારીઆ ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર- શક્તિરાજસિંહ ઝાલા)**

જીગીશાએ M.S.U માંથી B.Sc.નો અભ્યાસ કરી હવે આગળનુ જીવન ધર્મના માર્ગે પસાર કરવાનુ વિચાર્યું છે

વડોદરાના ઉદ્યોગપતિની દીકરી મુમુક્ષુ જીગીષા શાહ ૩ જી ડીસેમ્બરે દિક્ષા ગ્રહણ કરશે

જૈન સંઘ દ્વારા અંતિમ સંસારિક વિદાયનો બહુમાન કાર્યક્રમ યોજાયો

અમદાવાદ ખાતે 3 ડીસેમ્બરે દિક્ષા કાર્યક્રમ સમારોહ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 વડોદરા શહેરના ઉદ્યોગપતિ તથા ફરનીર્ચર ના મોટા વ્યવસાય સાથે સંકળાયેલા ગિરિશભાઈ શાહ ના દીકરી જીગીશાબેને M.S.University માંથી B.Sc નો અભ્યાસ પુર્ણ કર્યો અને અમદાવાદ ના નામાંકિત આરકીટેક શૈલભાઈ શાહ સાથે લગ્ન કર્યા. લગ્નજીવન થી બે દીકરાઓ નો જન્મ થયો અને બંને દીકરા ની દિક્ષા ગચ્છાધિપતિ આચાર્ય યુગભૂષણસુરી મહારાજ ના હસ્તે મુંબઈ માં થઈ અને તેઓ પ્રવરભૂષણ વિજયજી - (સંસારી નામ -પાર્શ્વ ઉ.૧૭ તથા રત્નભૂષણવિજયજી ઉ.૧૫. મહારાજ બન્યા.) બચપન થી જ ઘરમાં ગુહચૈત્ય જીનાલય અને જીગીશાબેન ના માસી મહારાજ સાધ્વી જીનેન્દ્રશ્રીજી મહારાજ ની પ્રેરણા થી ધર્મમાર્ગે આગળ વધી બરાબર આજથી ૨૨ દિવસ પછી એટલેકે ૩જી ડીસેમ્બર ૨૦૨૪ ના દિવસે બોપલ અમદાવાદ ખાતે દિક્ષા અંગીકાર કરશે..જે અંગે આજે અલકાપુરી જૈન સંઘ માં જીગીશા બેન ને પ્રજ્ઞાબેન ગિરિશભાઈ શાહ પરિવાર દ્વારા તથા શ્રી સંઘ દ્વારા અંતિમ સંસારિક વિદાય નો બહુમાન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં મુંબઈ થી વક્તા શાશન ભાઈ તથા જૈન સંગીતકાર રીશભ દોશીએ સંયમ જીવન ની ગુણગાથા ગાઈ હતી. અલકાપુરી જૈન સંઘ ના પ્રમુખ CA હિંમતભાઈ, ટ્રસ્ટી પ્રશાંતભાઈ તથા જયેન્દ્રભાઈ શાહ તથા જુદા જુદા જૈન સંઘો ના ટ્રસ્ટીઓ, મહાવીર જૈન વિદ્યાલય ના ટ્રસ્ટી પ્રતાપભાઈ શાહ, પરેશ કોઠારી, સમસ્ત વડોદરા જૈન સંઘ ના લલિતભાઈ શાહ, રાજસ્થાન જૈન સમાજ ના રાજેશ જૈન, તથા જૈન સોશ્યલ ગ્રુપ, સંગીની ગ્રુપ સહિત ના લોકોએ મુમુક્ષુ દિક્ષાર્થી જીગીશાબેન શાહ ને પ્રવજયા ગ્રહણ માટે શુભકામનાઓ પાઠવી હતી.

ત્યારબાદ નિધિ બ્રિજેશભાઈ શાહે સકળ સંઘ ને અમદાવાદ ખાતે ૩જી તારીખે દિક્ષા માં પધારવા આમંત્રણ આપ્યું હતું એમ જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું.

આમ આટલા મોટા ઉદ્યોગપતિની દિકરી દિક્ષા ગ્રહણ કરવાનુ નક્કી કરી સાંસારિક જીવનમાંથી વિદાય લેશે ત્યારે જૈન સમાજના મોટા મોટા અગ્રણીઓ આ દિક્ષા સમારોહમાં ઉપસ્થિત રહી આ દિકરીને આશીર્વાદ પાઠવશે.

વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તજનો દર્શને ઉમટ્યા

રંગ અવધૂત મહારાજની 127મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 નારેશ્વરના સંત શ્રીરંગ અવધૂત મહારાજની 127મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી ભૂતડીઝાપા ખાતે પોલીસ લાઈનમાં આવેલા શ્રી રંગ અવધૂત મહારાજના મંદિર ખાતે કરવામાં આવી હતી.

જેમાં વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રંગ અવધૂત મહારાજના દર્શન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી. વહેલી સવારે 6:00 વાગે મંગલા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. 6:30 કલાકે પ્રભાત ફેરી ભૂતડીઝાપા શ્રીરંગ અવધૂત મહારાજ મંદિરથી પ્રસ્થાન કરવામાં આવી હતી. ત્યારબાદ 8:30 થી 11:00 વાગે શ્રી રંગ અવધૂત મહારાજની ચરણ પાદુકા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. 11 થી 12 વિશેષ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી શ્રી રંગ અવધૂત મહારાજને નૈવેદ સ્વરૂપે અન્નકૂટના પ્રસાદનું અર્પણ કરવામાં આવ્યું હતું. પોણા બાર વાગે યોગેશ્વર વાડી ખાતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી રંગ અવધૂત મહારાજના ભજન, દત્ત બાવની ના પાઠ અને પાલકીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રી રંગ અવધૂત મહારાજ સંપ્રદાય તેમજ પરિવારના સભ્યો વિશેષ રૂપે ઉપસ્થિત રહી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.